
# વીજળી વિરહમાં ગરમી સામે ગેરીલા યુદ્ધ

**ન બોલવામાં નવ ગુણ**

★ નટવર પંડયા



**શાયર નીદા ફાઝલી લખે છે કે,**
**દુનિયા જીસે કહેતે હૈ જાદુ કા ખિલૌના હૈ;**
**મિલ જાયે તો મિટ્ટી હૈ ખો જાયે તો સોના હૈ.**

આમ લાઈટ જ્યારે હોય છે ત્યારે તેનું મૂલ્ય હોતું નથી પણ તે જાય છે ત્યારે જ આપણને તેનું મૂલ્ય સમજાય છે. લાઈટ ન હોય એટલે માણસ ગરમી સામે ગેરીલા યુદ્ધ આદરે છે અને હાથમાં ટુવાલ, રૂમાલ, પૂંઠા, છાપાં, છાપાંઓની પૂર્તિઓનો હાથપંખા સ્વરૂપે ઉપયોગ કરે છે. આમ માણસ જ્યારે છાપાની પૂર્તિ વડે પવન ખાય છે ત્યારે આ લખનાર જેવા લેખકો વિના કારણે આમથી તેમ ફંગોળાય છે. આમ ભાદરવાની ગરમીમાં પણ વીજળીવિરહ વસમો લાગે છે. ‘વિરહ’ શબ્દમાં જ દુ:ખની છાયા રહેલી છે. આમ છતાં આપણે જાણીએ છીએ કે જીવનમાં આવતા દરેક પ્રકારના વિરહ દુ:ખદ હોતા નથી. જેમ કે વેકેશનમાં પત્ની થોડા દિવસો માટે પિયર જાય તે વિરહ કેટલો સુખદ હોય છે! ઓફિસમાં આપણે હોઈએ અને બોસ વહેલી તકે વિદાય લે તે વિરહ પણ કેટલો સુખદ હોય છે. આમ ‘વનિતાવિરહ’ અને ‘બોસવિરહ’થી ભલે આપણે ખુશ થઈએ પણ વીજળીવિરહથી પરેશાન થઈ જઈએ છીએ.

ગરમીમાં જો થોડા કલાકો માટે વીજળી વેરણ થાય ત્યારે લોકો બેચેન બની જાય છે. એક વાર આવા વીજળીવિરહના સમયે જ હું એક ફેસબુકના ફળદ્રુપ કવિના ઘેર જઇ ચડ્યો. મેં ધારેલું કે કવિની કલમમાંથી આ સમયે કોઈ ‘વિદ્યુત વિરહ’ જેવું કરુણરસથી કંતાયેલું કાવ્ય ટપકતું હશે પણ જઈને જોયું તો કવિ આખેઆખા પસીનાથી ટપકતા હતા. તેમના હાથમાં કાગળ હતો. જેમાં ‘વૈશાખી વજઘાત’ એવું ગરમીનું કાવ્ય હતું. તેની નીચે જ A.C. ની એડ પણ દેખાતી હતી પણ તેઓ આવા ગરમીભ્રષ્ટ કાવ્યનો હાથપંખો બનાવી તેમાંથી ઠંડક મેળવી રહ્યા હતા. આ રીતે પોતાના ગરમીના કાવ્ય થકી શીતળતા અનુભવી રહ્યા હતા. જો એ હાથપંખો તેમનાં પત્ની તેમને વિંઝણો વિંઝતા હોત તો જરૂર તેમણે ‘વિંઝણો વિંઝતી વનિતાને’ એવું કાવ્ય રચી કાઢ્યું હોત પણ આપણે ધારીએ એવું ક્યાં થાય છે. કવિઓએ વીજળી વેરણ થવા વિશે ખાસ કંઈ કવિતાઓ ફટકારી નથી. અને જે ફટકારી છે તે લગભગ એ.સી. ની ઠંડકમાં જ પ્રગટી છે.

વીજળીવિરહ વખતે દરેક ઘર કે ફ્લેટની બારીઓ કે બાલ્કનીમાં જ્યાં જ્યાં નજર મારી અને તમારી પડે ત્યાં આવી આરણ્યક આકૃતિઓ જોવા મળે છે કારણ કે વીજળીવિરહના કારણે વસ્ત્રવિયોગ પણ શરૂ થાય છે. એટલે કે માણસના શરીર પર અનિવાર્ય હોય તે સિવાયનાં વસ્ત્રો મોરનાં પીંછાંની માફક ખરી પડે છે અને ત્યારે જ તેનું અસલી (અને વરવું સ્વરૂપ) સ્વરૂપ છતું થાય છે. આ રીતે જ્યારે જ્યારે માનવી વીજળીવિરહ વખતે અર્ધદિગંબર અવસ્થામાં ઊતરી આવે છે એટલે કે ગંજી, ચડ્ડા અથવા ઓન્લી ચડ્ડા, લૂંઘી, લેંઘા જેવાં વસ્ત્રો પહેરીને ઘરની બારીએ, બાલ્કનીમાં કે દરવાજા પાસે આવીને ઝૂમાં પુરાયેલા પ્રાણીની માફક ઊભો રહે છે ત્યારે તેને જોઈને આદિ માનવવાળી થિયરીમાં આપણી શ્રદ્ધા વધી જાય છે. સામાન્ય સ્થિતિમાં કાયમી ધોરણે વસ્ત્ર નીચે ઢંકાઈને ફરતા માનવદેહો આપણને સમાન લાગે છે પણ વીજળીવિરહના સમયે તેનો અભ્યાસ કરવાનો અવસર સાંપડે છે ત્યારે આપણને માનવદેહની ખૂબીઓનો અને ખામીઓનો ખ્યાલ આવે છે. વળી આવા માનવદેહને આપણે ચારપાંચ વર્ષ પહેલાં અર્ધદિગંબર અવસ્થામાં જોયો હોય પછી ફરીથી (-ન જોવો હોય તો પણ!) જોવા મળે ત્યારે તે બંને વચ્ચે ઘણું અંતર માલૂમ પડે છે. આમ તો ગરમીમાં બપોરે સૂતેલા માનવીને જગાડવો દુષ્કર છે પણ વીજળીવિરહને કારણે સૂતેલો માનવી સ્વયંભૂ બેઠો થાય છે, બેઠો હોય તે ઊભો થાય છે અને ઊભો હોય તે આમતેમ આંટા મારવા માંડે છે. આ રીતે માનવી ગતિશીલ બને છે પણ આવી ગતિને વૈજ્ઞાનિક દ્રષ્ટિએ અનિયમિત ગતિ માનવામાં આવે છે. તેની કોઈ ફલશ્રુતિ હોતી નથી. આવા સમયે કોઈના ચહેરા જોઈને કવિતા સ્ફૂરતી નથી કારણ કે કપાળમાં કરચલીઓ અને તંગ મનોદશાવાળા ચહેરા પર કકળાટ જ દેખાતો હોય છે. આવા સમયે ભાષાની અભિવ્યક્તિ પણ બદલાઈ જાય છે. રૂપાની ઘંટડી જેવા મધુર અવાજોવાળા ગળામાંથી પણ ચૂંટણી ટાણે લાઉડ સ્પીકરમાંથી નીકળતા અવાજો જેવા ભરડિયા અવાજો નીકળે છે.

**વીજળીવિરહ વખતે દરેક ઘર કે ફ્લેટની બારીઓ કે બાલ્કનીમાં જ્યાં જ્યાં નજર મારી અને તમારી પડે ત્યાં આવી આરણ્યક આકૃતિઓ જોવા મળે છે કારણ કે વીજળીવિરહના કારણે વસ્ત્રવિયોગ પણ શરૂ થાય છે. એટલે કે માણસના શરીર પર અનિવાર્ય હોય તે સિવાયનાં વસ્ત્રો મોરનાં પીંછાંની માફક ખરી પડે છે**

કહેવાય છે કે બાળકો ભગવાનનું સ્વરૂપ છે પણ લાઈટ જાય ત્યારે બાળકોનું અસલી સ્વરૂપ છતું થાય છે કારણ કે વિડિયો ગેમ, ટીવી વગેરેમાં ચોંટેલાં બાળકો લાઈટ જતાં જ તેમાંથી બહાર આવે છે અને મમ્મીપપ્પા પાસે મોબાઈલ ફોનની માગણી કરે છે. મમ્મીપપ્પા ફોન આપતાં નથી એટલે ઘરમાં સંઘર્ષ શરૂ થાય છે. પછી તે બધા બાળગોપાળ ઘર બહાર નીકળે છે. પછી આવી ભયંકર ગરમીમાં પણ શેરી ક્રિકેટ મેચ શરૂ થાય છે. એમાં બેટ વડે ફટકારાયેલ બોલ કોઈની બારીઓના કે કોઈની ગાડીઓના કાચ તોડે છે અથવા તો સીધા જ સિક્સર સ્વરૂપે કોઈના ઘરમાં જઈને પડે છે એટલે મકાનમાલિક અને ક્રિકેટરો વચ્ચે એક આગવી અને આગ ઝરતી મેચ શરૂ થાય છે. જેને કારણે ગરમ વાતાવરણમાં વધુ ગરમાટો આવે છે. ક્યારેક આવો ગરમાટો વધતો જાય અને મામલો હાથોહાથ સુધી પહોંચે. વીજળીવિરહ આ રીતે માનવીના સંયમની પણ કસોટી કરે છે. ક્યારેક મામલો બિચકવાની તૈયારીમાં હોય ત્યાં કોઈ શાણા પડોશીઓ મધ્યસ્થી કરે છે એટલે થોડી વારમાં ઘીના ઠામમાં ઘી પડી જાય છે. (ક્યારેક મધ્યસ્થીને કારણે જ બખેડો વધી જાય છે.) ધીમે ધીમે બધું થાળે પડે છે. આમ થવાથી ફાયદો એ થાય છે કે ક્રિકેટના મુદ્દે થયેલી ગરમાગરમીને કારણે વીજળીવિરહથી ઉદભવેલી ગરમી વિસારે પડી જાય છે. આ રીતે આવા શેરી નાટકમાં અડધો કલાક નીકળી જાય છે પછી બંને પક્ષો ધૂંઆપૂંઆ થતા ઘેર જાય છે. કદાચ વીજળીને પણ એમ થાય કે આ લોકોના મગજ હવે બહુ ગરમ થઈ ગયા છે તેને ઠંડા કરવા જવું જોઈએ. એટલે થોડી વારમાં લાઈટ આવે છે. સૌને હાશકારો થાય છે.

ભાદરવાની ગરમી વધતા ભાદરવો અને આસો મહિનામાં દરમાંથી સાપ, ઘો જેવા પ્રાણીઓ બહાર નીકળી આવે છે. એ જ રીતે વીજળીવિરહ થવાથી મનુષ્યરૂપી પ્રાણીઓ ગેલેરીમાં, બાલ્કનીમાં, બારીએ કે શેરીમાં નીકળી આવે છે. ગરમીને કારણે બારીએ કે બાલ્કનીમાં ઉભેલા મનુષ્યનું નિરીક્ષણ કરીએ તો તેમાંથી કંઈક નવું જ જોવા જાણવા મળે છે. તેમાંથી કેટલાકને પ્રચંડ પરિઘવાળું પેટ હોય છે. જેના કારણે કમરપટા ગમે તેટલા ટાઇટ બાંધવા છતાં યથાસ્થાને ટકી શકતા નથી. તો કેટલાકના પેટ પાતાળમાં જતા રહ્યા હોય છે એટલે કે વાંસો અને પેટ એક થઈ ગયા હોય છે. કેટલાકના શરીર સુરત મહાનગરપાલિકા વિસ્તરે એમ વિસ્તર્યા હોય છે. તેમના શરીરમાંથી ગળું, કોણી, કાંડું, ઘૂંટણ જેવા ભાગો ચરબીને કારણે અદ્રશ્ય થઈ ગયા હોય છે. આમ તેમના શરીરના દરેક ઝોનમાં ચરબીનું છૂટથી વિતરણ થયેલું જોવા મળે છે તો કેટલાકના શરીર જોતા તેઓ ‘અત્યાર સુધી કયા કારણથી ટકી રહ્યા!’એવા પ્રશ્નો જાગે છે. તેમને જોતા જ ‘મારનાર કરતાં જીવાડનાર મોટો છે.’ એ સુવાક્ય આપણે સ્વીકારી લઈએ છીએ. કેટલાકના શરીર પર આફ્રિકાના સવાના પ્રદેશમાં થતાં ઘાસની જેમ વાળ પથરાયેલા હોય છે. તેમનો વાળવૈભવ જોતાં જેમ દિશાઓ જ શુકદેવજીનાં વસ્ત્રો હતાં એમ વાળ જ તેમનાં વસ્ત્રો બની શકે તેમ હોય છે. તેમ છતાં પણ કાળા અને ધોળા એમ બંને પ્રકારના વાળમાં તે માનવ ખડચિતળો લાગે છે. તો કેટલાકના શરીર બાફેલ બટેટાની છાલ ઉતારી નાખી હોય એવા, સાવ વાળવિહીન! આવા કદાવર શરીરમાંથી વીજળી વિરહને કારણે પ્રગટતા પરસેવાના રેલાને દૂરથી જુઓ તો તે હિમાલય જેવા પહાડમાંથી નીકળતી નદીઓનું સૌંદર્ય ખડું કરે છે. કેટલાક માનવીઓ વિદ્યુત વિયોગના સમયે અકળાઈને ટેમ્પરરી ગૃહત્યાગ કરે છે અને રસ્તા પર નીકળી આવે છે. જો કે ત્યાં પણ તેને એ જ સ્થિતિનો અનુભવ થાય છે એટલે તેમને પેલી ગઝલનો શેર યાદ આવી જાય કે

**‘ઘર સે ચલે થે હમ ભી, ખુશી કી તલાશ મેં;**
**ગમ રાહ મેં ખડે થે, જીસે સાથ હો લિયે.’**

આમ વીજળી વેરણ થાય ત્યારે રઘવાયા ન થવું પણ ગરમી સામે ઠંડા કલેજે કામ લેવું એટલે ગરમી આપોઆપ શરણાગતિ સ્વીકારી લેશે.

## ગરમાગરમ ......

**અમારી સાથે પ્રાથમિકમાં ભણતાં બળવંતને સાહેબે પૂછ્યું કે ‘વાયુનું પ્રવાહીમાં રૂપાંતર’નું ઉદાહરણ આપો. બળવંતે કહ્યું, “સાહેબ ભયંકર ગરમીમાં પંપ વડે સાઈકલમાં વાયુ (હવા) પૂરતી વખતે માણસ જે રીતે પરસેવે રેબઝેબ થઈ જાય છે તેને વાયુનું પ્રવાહીમાં રૂપાંતર થયું કહેવાય.**